# વલાદ ગામે અજાણ્યા હુમલાખોરોએ મહિલાના વાળ કાપી ભય ફેલાવ્યો

## કાળા કપડાં અને મોઢે માસ્ક પહેરી ત્રાટકેલા પાંચેક શખ્સોએ આંગણામાં સુતેલા પતિ-પત્નિને કેફી પદાર્થ સુંઘાડયો : મહિલાને દુપટ્ટા વડે ખાટલા સાથે બાંધી તીક્ષ્ણ હથિયારથી ચોટલો કાપી નાંખ્યો : હુમલાથી ગામમાં ભયનો માહોલ

ચિલોડા, તા.૨૮

ગાંધીનગર તાલુકાના વલાદ ગામે સાબરમતી નદીના કાંઠે વસ્તા એક પરિવાર પર મધરાતે અજાણ્યા શખ્સોએ હુમલો કરી મહિલાને ખાટલા સાથે બાંધી તેના વાળ કાપી નાંખ્યા હતા. મહિલાને અને તેના પતિને કેફી પદાર્થ સુંઘાડી તીક્ષ્ણ હથિયારો સાથે કરાયેલા આ હુમલાથી ગામમાં ભયનો માહોલ છવાઈ ગયો છે.

વલાદ ગામના નવા ઘરાં વિસ્તારમાં નદીની કાંસના કાંઠે વસતા મનુજી ઠાકોર અને તેમની પત્નિ ઉષાબેન ઠાકોર જયારે તેમના ઘરના આંગણામાં ખાટલામાં સૂઈ રહ્યા હતા ત્યારે અચાનક ત્રાટકેલા શખ્સોએ પતિ પત્નિને કેફી પદાર્થ સુંઘાડી દીધો હતો. ઉષાબેનને શખ્સોએ દુપટ્ટાથી ખાટલા સાથે બાંધી તીક્ષ્ણ હથિયાર વડે તેમનો ચોટલો કાપી નાંખ્યો હતો અને વાળ પકડી તેમને આશરે ૧૫ ફુટ જેટલા ઘસડયા હતાં. અચાનક થયેલા આ હુમલાથી હેબતાઈ ગયેલા દંપતિએ ભારે બુમાબુમ કરતા ગ્રામજનો દોડી આવ્યા હતા. ભારે શખ્સો ભાગીને પલાયન થઈ ગયા હતા. હુમલો કરનાર શખ્સોએ કાળા રંગના કપડા અને ચહેરા પર માસ્ક પહેર્યા હતા. અને લીમડાના ઝાડ પર ચઢીને બેઠા હોવાનું માલુમ પડયું હતું. હુમલા બાદ હોમગાર્ડના જવાનો પણ દોડી આવ્યા હતા અને તપાસ હાથ ધરી હતી પરંતુ હુમલાખોરો ભાગી જવામાં સફળ રહ્યા હતાં. બનાવ અંગે વલાદ આઉટપોસ્ટમાં જાણવા જોગ અરજી આપવામાં આવી છે.


(તસવીર : નટુભાઈ પટેલ)


# સે-૭માં સરકારી મકાન પાસે જુગાર રમતા પાંચ ઝડપાયા

## રૂ. ૨૮,૪૭૦નાં રોકડ મુદ્દામાલ સાથે સે-૭ પોલીસે પાંચેયની ધરપકડ કરી લીધી

ગાંધીનગર, તા.૨૮

શહેરના સેકટર-૭ જ-ટાઈપ ખાતે સરકારી મકાન પાસે ખુલ્લામાં કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા હોવાની બાતમીને આધારે સે-૭ પોલીસે દરોડો પાડી પાંચ શખ્સોને જુગાર રમતા રંગે હાથ ઝડપી પાડયા હતાં. રૂ. ૨૮,૪૭૦નાં રોકડ મુદ્દામાલ સાથે પાંચેયની ધરપકડ કરીને સે-૭ પોલીસે કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

સેકટર-૭ ખાતે સ્થિત જ-ટાઈપ બ્લોક નં. ૫૦/૧ પાસે ખુલ્લામાં જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમીને આધારે સેકટર-૭ પોલીસની ટીમે ગઈ મોડી સાંજે દરોડો પાડયો હતો. પોલીસને જોઈને જુગારીઓમાં નાસભાગ મચી ગઈ હતી. પોલીસે કોર્ડન કરીને પાંચ જુગારીઓને જુગાર રમતા રંગે હાથ ઝડપી લીધા હતાં. સે-૨૪ ઈન્દીરાનગરમાં રહેતા ખેમજી હીરા પમસુરીયા, વિનોદ કેલા જાદવ, સે-૨૬ કિશાનનગરમાં રહેતા મનુ જીવા પમસુરીયા, સે-૨૯માં રહેતા આમીદ કરીમ સૈયદ અને સે-૨૩માં રહેતા હરેશ શંકર પટેલ મળીને પાંચ શખ્સોને રૂ. ૨૮,૪૭૦ રોકડ મુદ્દામાલ સાથે ઝડપી લઈ પાંચેય જુગારીઓની ધરપકડ કરી લીધી છે. સે-૭ પીએસઆઈ એમ.પી. ચૌહાણે કાયદેસરની કાર્યવાહી શરુ કરી છે.


(તસવીર : નટુભાઈ પટેલ)

## વડોદરા ખાતે લોક દરબાર યોજાયો

ગાંધીનગર તાલુકાના વડોદરા ગામે સાંજે ડભોડા પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. પી.જે. સોલંકી તથા સ્ટાફના પોલીસકર્મી દ્વારા આસપાસના ગામના અગ્રણી સહિત ગ્રામજનો સાથે લોક દરબાર યોજવામાં આવ્યો હતો. છેલ્લા એક માસથી ગ્રામ્ય વિસ્તારોમાં અજાણ્યા ચોરોના કૃત્યની દહેશતથી ગ્રામજનો રાત્રી જાગરણ કરી સચેત બન્યા છે. પોલીસ રાત્રે રાઉન્ડ ધ ક્લોક પેટ્રોલીંગ કરી રહી છે. ત્યારે રાત્રી દરમ્યાન અજાણ્યા શખ્સો ઝડપાઈ જાય તો તુરત પોલીસને ૧૦૦ નંબર તેમજ અધિકારીનો સંપર્ક સાધીને બોલાવવા માર્ગદર્શન આપ્યું હતું. અજાણ્યા કોઈ શખ્સ પકડાય તો કોઈપણ નાગરિકે આવેશમાં આવીને ગ્રામજનોએ કાયદો હાથમાં ન લેવા તેમજ પોલીસનો સંપર્ક સાધવા જણાવ્યું હતું. આ લોક દરબારમાં વડોદરા, સોનારડા, રાયપુર, વજાપુરા, વિરાતલાવડી સહિતના ગામજનો હાજર રહ્યા હતા.

# ભારતની વિશ્વ પ્રસિદ્ધ શૈક્ષણિક સંસ્થાઓમાં સરકાર રાજકીય દખલગીરી બંધ કરે : કોંગ્રેસ

## આઈઆઈએમનું નવુ બિલ નુકશાનકારક : શૈક્ષણિક બજેટમાં મુકાયેલ કાપ ભારતના ભવિષ્ય માટે જોખમકારક : રાષ્ટ્રીય સંસ્થાઓના નિષ્ણાંત ટેકનોક્રેટ શિક્ષણવિદ્દોને રાજીનામા આપવા ફરજ પડાઈ રહી છે : કોંગ્રેસ

ગાંધીનગર, તા. ૨૮

ભારતની મહત્વની શૈક્ષણિક સંસ્થાઓ આઈઆઈએમ, આઈઆઈટી, એનઆઈડી, એનસીઈ મંત્રાલય દ્વારા રાજકીય દખલગીરી કરીને સ્વાયત્તા છીનવાનો આક્ષેપ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ દ્વારા કરવામાં આવ્યો છે. વૈશ્વિક સ્તરે નામના ધરાવતી આ સંસ્થાઓના નિષ્ણાંત ટેકનોક્રેટ શિક્ષણવિદ્દોને યેનકેન પ્રકારે હેરાન કરી રાજીનામાં આપવા ફરજ પડાઈ રહી હોવાના આક્ષેપ સાથે માનવ સંશાધન મંત્રાલયનો એજન્ડા નકારાત્મક અભિગમથી રાષ્ટ્રીય સંસ્થાઓને અને રાષ્ટ્રના ભવિષ્યને નુકશાન પહોંચાડનારો સાબિત થશે તેવું કોંગ્રેસના પ્રવકતા ડૉ. મનીષ દોશીએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

મોદી સરકાર દ્વારા શિક્ષણના બજેટમાં રૂ. ૧૪૦૮૮.૫૯ કરોડનો ઘટાડો કરાયો છે જેમાંથી પ્રાથમિક શિક્ષણમાં રૂ. ૧૦૧૮૬ કરોડ, માધ્યમિક શિક્ષણમાં રૂ. ૧૪૨૨ કરોડ અને ઉચ્ચ શિક્ષણ રૂ. ૧૪૭૯ કરોડનો ઘટાડો કરાયો છે. જે શિક્ષણ પ્રત્યે મોદી સરકારની પ્રતિબદ્ધતા કેટલી છે તે સૂચવે છે. આઈઆઈએમના વહીવટ માટે વેબસાઈટ પર મુકાયેલા નવા બિલની જોગવાઈઓ 'મેક્સિમમ ગર્વમેન્ટ, મીનીમમ ગર્વનન્સની સ્થિતિનું નિર્માણ કરશે. આ ઉપરાંત માનવ સંશાધન મંત્રાલયની કાર્યપદ્ધતિથી સુપ્રસિદ્ધ સંસ્થાઓના સંચાલકોને રાજીનામાં આપવા પડી રહ્યાં છે. જેમાં એનસીઈઆરટીના કુમારી પરવીન, આઈઆઈટીના વિશ્વ સરૈયા, આઈઆઈટી બોર્ડ ઓફ ગર્વનન્સના નિયામક સમિતિના અધ્યક્ષપદેથી પરમાણુ વૈજ્ઞાનિક અનિલ કાકોડકરના રાજીનામાનો સમાવેશ થાય છે. વળી, દિલ્હી યુનિવર્સીટીના વાઈસ ચાન્સેલર દિનેશ સીંઘ પ્રત્યે માનવ સંશાધનમંત્રી સ્મૃતિ ઈરાનીનો દ્વેષ પણ જગજાહેર છે.

કોંગ્રેસના મતે ભાજપ સરકાર તેની કામ કરવાની તાનાશાહી પદ્ધતિ અને બૌદ્ધિક યોગ્યતા પ્રત્યે અનાદરનું જીવતુ જાગતુ પ્રમાણ છે. આઈઆઈટી, આઈઆઈએમ, એનસીઈઆરટી, નેશનલ બુક ટ્રસ્ટ, યુજીસી, ઈન્ડીયન કાઉન્સિલ ફોર હીસ્ટોરીકલ રીસર્ચ સહિતની સંસ્થાઓમાં સરકારના ચંચુપાત અને શિક્ષણ બજેટમાં મુકાયેલા કાપને દૂર કરે તેવી કોંગ્રેસ દ્વારા માંગ કરાઈ છે.

# અમરેલીના પુરગ્રસ્તો માટે દાન આપવા અપીલ

## સૌરાષ્ટ્ર કચ્છ સેવા સમાજ ટ્રસ્ટે નગરજનોને જીવન જરૂરિયાત ચીજવસ્તુઓ દાન આપવા અનુરોધ કર્યો

ગાંધીનગર, તા. ૨૮

મેઘરાજાએ રાજ્યના અમરેલી જિલ્લાને ઘમરોળી નાખ્યું છે. સમગ્ર જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. પશુ, પ્રાણી અને માનવીનું જીવન તહસનહસ થઈ ગયું છે. ઉપર આકાશ અને નીચે કાદવવાળી જમીન ઉપર ભગવાન ભરોસે લોકો જીવી રહ્યા છે. સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ અમરેલી જિલ્લના અસરગ્રસ્તો માટે આગળ આવી છે. ટ્રસ્ટે ગાંધીનગરના સેવાભાવી નાગરિકોને જીવન જરૂરિયાત ચીજવસ્તુઓનું દાન આપવા અપીલ કરી છે. ધાબળા, ગોદડી, પ્લાસ્ટીકની ડોલ, તગારા, કપડાં સહિતની સામગ્રી આપવા માટે અનુરોધ કર્યો છે. દાન આપવા ઈચ્છુક દાતાઓએ સેવા સમાજના જીલુભા ધાધલ - ૯૮૨૪૦૨૯૯૦૨, પિયુષ પંડ્યા - ૯૭૧૪૬૪૦૨૧૦, ભુપેન્દ્ર ગજ્જર - ૯૪૨૭૫૨૫૨૭૫, લક્ષ્મણ કંસારા - ૯૯૦૪૬૧૮૦૦૯ તેમજ જુનિયર સિટીજન કાઉન્સીલની ઓફિસ ખાતે દાન આપી શકે છે.


(તસવીર : દિલીપ પ્રજાપતિ)

ગાંધીનગર શહેરના ચ-રોડ પર ચ-૬ સર્કલ પાસે આજે સવારે બાઈક અને એસ.ટી. બસ વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈક સવારને ઈજાઓ થતાં તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યો હતો.

# શહેરમાં ઉદ્‌ગમ શાકમાર્કેટનો શુભારંભ

ગાંધીનગર, તા.૨૮

ખેતી કરી જીવન નિર્વાહ કરતા ખેડૂતોને પોષણક્ષમ ભાવ ન મળતા મહેનત પાણીમાં જતી હોય છે. ઉદગમ ટ્રસ્ટ દ્વારા ખેડૂતના હિતાર્થે ઉદગમ સબ્જી માર્કેટ શરૂ કરવામાં આવ્યું છે. જે દર રવિવારે ૪ થી ૭ કલાક દરમિયાન ખુલ્લું રહેશે.

ખેડૂતોને પોષણ ક્ષમ ભાવ અને ગ્રાહકોને ઉત્તમ શાકભાજી મળે તે માટે ઉદગમ ટ્રસ્ટ દ્વારા સેકટર-૮-સી સ્થિત પ્લોટ નં. ૮૧૮ ખાતે શાકમાર્કેટ શરુ કરવામાં આવી છે જેનો શુભારંભ મેયર હંસાબેન મોદી અને ડેપ્યુટી મેયર કાર્તિક પટેલ દ્વારા કરવામાં આવ્યો હતો.

ઉદગમ શાક માર્કેટ દર રવિવારે બપોરે ૪-૦૦ થી સાંજના ૭-૦૦ વાગ્યા દરમિયાન ખુલ્લુ રહેશે. તેમજ નગરવાસીઓ ફોન કરીને પણ (૯૨૭૪૪૦૧૭૧૧) શાકભાજી મંગાવી શકશે.

## સેક્ટર-૨૧ હવેલીમાં ખસનો બંગલાનો મનોરથ

ગાંધીનગર, તા. ૨૮

સેકટર-૨૧ શ્રીજીશ્રી ગોવર્ધનનાથજીની હવેલીમાં આજે સોમવારે પવિત્ર પુરષોત્તમ માસ નિમિત્તે ખસનો બંગલાનો મનોરથ કરવામાં આવશે.

## સિસિકાની માસિક બેઠક મંગળવારે યોજાશે

ગાંધીનગર, તા. ૨૮

સિનિયર સિટિઝન્સ કાઉન્સિલની જૂન માસની માસિક સભા તા. ૩૦-૬-૧૫ને મંગળવારે સાંજે ૫ વાગે સૌરાષ્ટ્ર લેઉઆ પટેલ સમાજવાડી, સેક્ટર-૭ ખાતે મળશે. જેમાં દરેક સભ્યોને હાજર રહેવા વિનંતી છે.

# એમબીએ માટે દાવેદારો કરતા સીટ વધુ ઉપલબ્ધ

અમદાવાદ, તા. ૨૭

એમબીએ અને એમસીએમાં કેરિયર બનાવવા ઇચ્છુક વિદ્યાર્થીઓ માટે સારા સમાચાર છે. કારણ કે, ઉપલબ્ધ સીટની સંખ્યા ખુબ વધારે છે. એમબીએ અને એમસીએ માટે ઇચ્છુક વિદ્યાર્થીઓ કરતા પણ સીટની સંખ્યા વધારે દેખાઇ રહી છે.

એમબીએ અને એમસીએ અરજીદારો માટે પ્રવેશ પ્રક્રિયા ૩૦મી જૂન અને ૯મી જુલાઈ વચ્ચે હાથ ધરવામાં આવશે. એમબીએ અને એમસીએ ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરવા માટેની પ્રક્રિયા શરૂ કરવામાં આવી ચુકી છે. વિદ્યાર્થીઓને રાજ્યભરમાં ૪૪ હેલ્પલાઈન સેન્ટરો ઉપર તમામ સંબંધિત દસ્તાવેજો જમા કરાવવાના રહેશે. વિદ્યાર્થીઓને આ વખતે તક વધારે રહેલી છે. ગયા વર્ષે પણ આવી જ સ્થિતિ સર્જાઇ હતી. આ વખતે પણ વિદ્યાર્થીઓ માટે ખુબ સારા સમાચાર છે.

# રાજ્યમાં વધુ ૬૮૮ વિદ્યાસહાયકોની ભરતીની પ્રક્રિયા હાથ ધરાઈ

અમદાવાદ, તા.૨૮

રાજયમાં આવેલી જિલ્લા શિક્ષણ સમિતિની પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૧થી ૫માં ૬૮૮ વિદ્યાસહાયકોની નિમણૂક માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જેના માટે ઉમેદવારોએ આવતીકાલથી ઓનલાઈન ફોર્મ ભરીને કરાવી શકાશે. ઉમેદવારો આગામી ૭ જુલાઈ સુધી ઓનલાઈન ફોર્મ ભરી શકાશે. ઓનલાઈન ફોર્મ ભર્યા બાદ તેની પ્રિન્ટ કાઢીને નજીકનાં સેન્ટર ખાતે સબમિટ કરવાની રહેશે. પ્રાપ્ત થતી માહિતી મુજબ રાજયમાં જિલ્લા શિક્ષણ સમિતિ હસ્તકની પ્રાથમિક શાળાઓમાં ખાલી પડેલ શિક્ષકોની જગ્યાઓ ભરવા લાંબા સમયથી માગ થઈ રહી હતી. ત્યારે હવે ગુજરાત રાજય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ દ્વારા પ્રાથમિક સ્કુલોમાં ધો-૧ થી ૫ ગુજરાતી માધ્યમમાં વિદ્યાસહાયકોની ૬૮૮ જગ્યા ભરવા માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. કુલ જગ્યાઓ પૈકી ૪૪૨ જગ્યા સામાન્ય કેટેગરીની રહેશે. જ્યારે ૪૩ અનુસુચિત જાતિ, ૪૨ અનુસુચિત જનજાતિ અને ૧૬૧ સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગની અને ૨૧ શારીરિક ખોડમાં પણ ધરાવતા ઉમેદવારો માટે અનામત રહેશે.

આ જગ્યાઓ માટે ઉમેદવારો પાસેથી ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવી છે. ઉમેદવારોએ આવતીકાલથી ૭ જુલાઈ સુધીમાં કચેરીની વેબસાઈટ પર પોતાની ઓનલાઈન અરજી સબમિટ કરી શકશે. ઓનલાઈન અરજી કરતી વખતે ઉમેદવારે ટેટ-૧ની પરીક્ષાનો સીટ નંબર ટાઈપ કરવાનો રહેશે. જેથી ટેટ-૧નું રિઝલ્ટ દેખાશે અને ત્યારબાદ કન્ટીન્યુ પર કિલક કરતા અરજી પત્રક ખુલશે. ઓનલાઈન અરજીપત્રક ભરી લીધા બાદ તેની પ્રિન્ટ મેળવી લેવાની રહેશે. ત્યાર બાદ સહી કરી રાજયના નક્કી કરેલા સ્વીકાર કેન્દ્ર પર જરૂરી પ્રમાણપત્રોની ચકાસણી કરાવી, ફી ભરી ફાઈનલ સબમીટ ૭ જુલાઈ સુધીમાં કરી દેવાનું રહેશે. આ ભરતીમાં પસંદગી પામના વિદ્યાસહાયકોને પ્રતિ માસ રૂપિયા ૭૮૦૦નું ઉચ્ચક માનદ વેતન પાંચ વર્ષ સુધી આપવામાં આવશે તે સિવાય અન્ય કોઈ પણ ભથ્થા કે લાભો મળવાપાત્ર રહેશે નહીં. પાંચ વર્ષના અંતે તેમને નિયમાનુસાર પગાર-ધોરણમાં સમાવવાની કાર્યવાહી કરવામાં આવશે.

# ભાજપ ખાલી માર્કેટિંગ કરે છે : શંકરસિંહ વાઘેલા

અમદાવાદ, તા.૨૮

વિધાનસભાના નેતા શંકરસિંહજી વાઘેલાએ જણાવ્યું હતું કે, ડોકટરોએ સામાજીક નિદાન કરી ભાજપ નામનો રોગ કાઢવા માટે દર્દીઓને કોંગ્રેસનું ઈન્જેકશન આપવું પડશે. ભાજપ ખાલી માર્કેટીગ જ કરે છે. જે મેસેજ સમાજમાં બુદ્ધિજીવી વર્ગ દ્વારા જવો જરૂરી છે. આ પ્રસંગે ગુજરાત પ્રદેશ સમિતિના ઉપપ્રમુખ ડૉ.જીતુભાઈ પટેલે જણાવ્યું હતું કે, બીએમડબલ્યુ (બાયોમેડીકલ વેસ્ટ)ના કાયદા તેમજ પીસીપી અને ડીટી કાયદાનો ભાજપ સરકાર દુરપયોગ કરી ડોક્ટરો પાસેથી ખંડણી ઉઘરાવે છે અને ભાજપના હોદ્દેદારો તેના દુરપયોગ કરે છે. અગાઉની શંકરસિંહ વાઘેલાની સરકાર વખતે ડોક્ટરોને સરકારી નોકરીઓમાં ટીકુ કમિશનનો લાભ આપી પગારધોરણ વધારવાનો નિર્ણય લેવાયો હતો પરંતુ ભાજપ સરકારે તેનો અમલ અટકાવી દેવામાં આવ્યો. ડૉ.જીતુભાઈ પટેલે જણાવ્યું હતું કે, આપણો (તબીબ) વ્યવસાય અમીર, ગરીબ, ધર્મ-સંપ્રદાય, નાત-જાતના ભેદભાવ વગર તમામ સાથે સ્વીકૃતિ થયેલ છે. ત્યારે ભાજપ સરકાર તબીબી વ્યવસાયને અધોગતિ તરફ ધકેલી રહી છે, આવા સંજોગોમાં આપણે સૌ તબીબીઓ સાથે મળીને સંગઠિત થવું પડશે અને ભાજપ સરકાર સામે એકસૂરે અવાજ ઉઠાવવો પડશે. કોંગ્રેસ પક્ષ માટે ભ્રષ્ટાચારમાં મોટે મોટેથી બોલતા નરેન્દ્ર મોદી આજે પંકજા કાંડ, સ્મૃતિ કાંડ, વસુંધરા કાંડ અને સુષ્મા કાંડમાં મૌનેન્દ્ર મોદી બની ગયા છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૬
સૂર્યાસ્ત : ૭.૩૦

## તાપમાન

મહત્તમ : ૩૬.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૭.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૭ ટકા ● સાંજે ૫૨ ટકા

## મનોરંજન

### સિટીપલ્સ

**સ્ક્રીન-૨ :**
એબીસીડી - ૨ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૩ :**
ઈન્સીડીઉસ (અંગ્રેજી) : ૧.૧૫, ૩.૧૫, ૮.૧૫
એબીસીડી - ૨ (૩ડી) : ૧૧.૦૦, ૫.૧૫, ૧૦.૧૫

**સ્ક્રીન-૪ :**
જો બકા : ૧૦.૦૦ ● તનુ વેડ મનુ ૨ : ૧.૦૦
યુવા : ૪.૦૦, ૧૦.૦૦ ● વેકલમ જિંદગી : ૭.૦૦

**સ્ક્રીન-૫ :**
એબીસીડી - ૨ : ૧૦.૦૦, ૧.૪૫
હમારી અધુરી કહાની : ૭.૧૫
જુરાસિક વર્લ્ડ (હિન્દી) ૨ડી : ૪.૪૫, ૧૦.૦૦

### સિનેમેક્સ

**: સ્ક્રીન-૧ :**
એબીસીડી - ૨ : ૯.૦૦, ૧૨.૧૫, ૩.૩૦, ૧૦.૦૦
જુરાસિક વર્લ્ડ (હિન્દી) : ૬.૪૫

**સ્ક્રીન-૨ :**
બે યાર (ગુજરાતી) : ૮.૦૦
એબીસીડી - ૨ : ૧૦.૪૫, ૨.૦૦, ૭.૩૦
ઈન્સીડીઉસ (અંગ્રેજી) : ૫.૧૫, ૧૦.૪૫

**સ્ક્રીન-૩ :**
ઈન્સીડીઉસ (અંગ્રેજી) : ૯.૧૫, ૧૧.૩૦
જુરાસિક વર્લ્ડ (હિન્દી) : ૧.૪૫, ૧૦.૩૦
એબીસીડી - ૨ : ૪.૩૦ ● હમારી અધુરી કહાની : ૭.૪૫

**સ્ક્રીન-૪ :**
મિસ તનકપુર હાજીર હો (હિન્દી) : ૧૦.૦૦, ૧૨.૪૫, ૬.૧૫
જુરાસિક વર્લ્ડ (હિન્દી) : ૩.૩૫
એબીસીડી - ૨ : ૯.૦૦

## આપની આજ

**મેષ** : આપનો પ્રબળ આત્મવિશ્વાસ અને દૃઢ નિશ્ચયથી મુશ્કેલ કાર્યોનો ઉકેલ મેળવી શકાય છે. કૌટુંબિક જીવનમાં તનાવ રહેવાની સંભાવના છે.

**વૃષભ** : જમીનના વ્યવસાય સાથે સંકળાયેલા માટે આજનો દિવસ શુભ બની રહેશે. જૂના કાર્યોનું પરિણામ મળશે. ઉદર વિકારને કારણે ખાનપાન પર સંયમ રાખવું.

**મિથુન** : આધ્યાત્મિક વ્યક્તિત્વના જાતકો માટે માન- સન્માન, લોકપ્રિયતામાં વૃદ્ધિના કાર્યો થઈ શકશે. વરિષ્ઠ ગુરુઓની કૃપા પ્રાપ્ત થશે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

**કર્ક** : આપને કર્મક્ષેત્રમાં ગહન શોધ વગેરેના કાર્યો થવાની શકયતાઓ છે. આર્થિક ક્ષેત્રમાં લંબિત પ્રકરણોમાં સમય પસાર થઈ શકે છે.

**સિંહ** : ધર્મ આધ્યાત્મ, જ્ઞાન વૃદ્ધિના કાર્યોમાં સમય પસાર થઈ શકે છે. નીતિગત સમસ્યા, કોર્ટ- કચેરી સંબંધી વિવાદોને કારણે વિશેષ કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**કન્યા** : કુટુંબમાં વડીલો સાથે વિવાદમાં ન પડવું. ઉચ્ચસ્તરીય ધાર્મિક કાર્યોનું આયોજન થઈ શકશે. પવિત્ર ધાર્મિક સ્થળોની યાત્રા-પ્રવાસનું આયોજન થશે.

**તુલા** : સામાજિક ક્ષેત્રોમાં, જ્ઞાન વર્ધક કાર્યોમાં ઉપસ્થિત રહેવું પડે તેવી પરીસ્થિતિ ઉભી થઈ શકે છે. મિત્રો તથા સગા-સ્નેહીજનો સાથે મુલાકાત થઈ શકશે. કૌટુંબિક સમસ્યાઓ દૂર થશે.

**વૃશ્ચિક** : ખાસ મહત્વનાં આર્થિક કાર્યોમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની સંભાવાનાઓ બની રહી છે. નાણાંકીય કાર્યોમાં વિશેષ યાત્રા- પ્રવાસનો યોગ બની રહ્યો છે.

**ધન** : કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. અપરણિતો માટે લગ્નના માંગા આવી શકે છે.

**મકર** : શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોમાં સંબંધીમાં ચિંતન થઈ શકશે. ધાર્મિક કાર્યોમાં વધુ સમય પસાર થશે. કુટુંબનો સાથ સહકાર મળી રહેશે.

**કુંભ** : શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી યોગ્ય રહેશે. રાજકીય તથા સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે.

**મીન** : આર્થિક વિવાદોને ઉકેલવામાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્તિ થઈ શકશે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે.

## ચિરવિદાય

- સ્વ. ભંગી મગનભાઈ નારણભાઈ (ઉ.વ.૮૦) સે-૧ ઉના છાપરાં, ગાંધીનગર
- સ્વ. અંજલી ગોવિંદકુમાર હલદર (ઉ.વ.૬૮) એન-૪૦૨, સ્વાગત ફલેમીંગો, સરગાસણ, ગાંધીનગર
- સ્વ. નાગરદાસ દેહાભાઈ વાણીયા (ઉ.વ.૭૭) પ્લોટ નં. ૩૪૫/એ-૨, સે-૧૨સી, ગાંધીનગર